

# કાણો વાંદરો

આબુના પહાડની એ ટેકરી. હિમાલયની ટોચ જેવી ઠંડી.

ઉનાળાના દિવસો હતા. ચારેબાજુ ગરમી અને ઉકળાટ હતાં, પણ વિલાયતી સાહેબની બંગલીમાં ઠંડી ઠંડી હવા વહેતી હતી.

વિલાયતી સાહેબ ઘણા ખુશ હતા. એમાં વધારો થયો.

મિયાં ફુસકી અને તભા ભટ આવી ગયા. તેમણે બીજલ ડાકુને પકડાવી દીધો તેથી વિલાયતી સાહેબ રાજી રાજી થઈ ગયા હતા.

તેથી ટેકરીના ફોજદાર અને પોલીસવડા તેમને મળવા પણ આવતા હતા. ત્યારે તો વિલાયતી સાહેબનો આનંદ છલકાઈ જતો.

વિલાયતી સાહેબે તારીખિયું-કેલેન્ડર જોયું.

એકદમ બોલી ઊઠ્યા : “ઓ મિયાં ફુસકી...”

બૂમ સાંભળીને ફુસકી મિયાં દોડી આવ્યા.

મિયાંએ પૂછ્યું : “શું થયું?”

વિલાયતી સાહેબ કહે : “જોયું આ કેલેન્ડર?”

મિયાં બોલ્યા : “કેલેન્ડર અમે નથી જોતા. એ કામ તભા ભટનું.”

વિલાયતી સાહેબ કહે : “ના જોતા હો તો અહીં આવો અને જુઓ. શું છે આમાં?”

ફુસકી મિયાં નજીક ગયા અને કેલેન્ડર જોયું.



જોઈને બોલ્યા : “જોઈ લીધું. સરસ છે. કેટલા રૂપિયામાં લીધું?”

વિલાયતી સાહેબે ટપાક કરતી માથા પર ટપલી મારી.

મિયાંના માથા પરથી ટોપી નીચે પડી ગઈ.

વિલાયતી સાહેબ કહે : “શું જોયું કેલેન્ડરમાં!”

મિયાં બોલ્યા : “અમને કેલેન્ડર જોતાં નથી આવડતું.”

તભા ભટ દોડી આવ્યા અને પૂછવા લાગ્યા : “શું થયું?”

વિલાયતી સાહેબ કહે : “થઈ પૂનમ. તે આ મિયાંજીને કેલેન્ડરમાં દેખાતી નથી.”

ભટજી કહે : “આજે તો અગિયારસ છે, પૂનમ નથી.”

વિલાયતી સાહેબ બોલ્યા : “અમારે તો આ પૂનમનું જ ખાસ કામ છે. એ પણ અગિયારસથી શરૂ થાય છે.”

ભટજી કહે : “શાનું કામ?”

વિલાયતી સાહેબ બોલ્યા : “આ મહિનો વૈશાખ છે. તેથી પૂનમે પાનવાડીમાં મેળો ભરાવાનો છે. આપણે એ મેળામાં જવાનું છે.”

ટોપી ખંખેરતાં ખંખેરતાં મિયાં બોલ્યા : “ઘણી સરસ વાત છે. મેળામાં ફરવાની મજા અમને બહુ ગમે છે.”

વિલાયતી સાહેબ કહે : “તો કરો તૈયારી.



મેળામાં જવાની ગોઠવણી વિચારી લીધી. બિસ્તરા પણ તૈયાર કરી દીધા.

બસમાં બેઠા અને પહોંચી ગયા પાનવાડી.

મેળામાં પહોંચી ગયા. એક ધરમશાળામાં ઉતારો કર્યો. ભારે જબરો મેળો હતો. એકએકથી ચડે એવું જોવાનું હતું. વિલાયતી સાહેબને તો અખાડાની કુસ્તીઓ અને પાડાઓની લડાઈ જોવામાં ખરેખરો રસ હતો. ભાતભાતનાં હથિયારો તો રોજ જોયા કરે. એમાંથી એક ભાલું વિલાયતી સાહેબે ખરીદી લીધું. તભા ભટે એક પાઘડી ખરીદી.

વિલાયતી સાહેબ કહે : “ફુસકી મિયાં, તમેય કશુંક તો ખરીદી લો.”

મિયાં બોલ્યા : “અમારે ખરીદવા જેવું કશું છે જ નહીં. શું ખરીદીએ?

વિલાયતી સાહેબ અને તભા ભટ બન્ને હસી પડ્યા. ઘડીક ફુસકી મિયાંની મજાક ઉડાવી.

આવડા મોટા મેળામાં હજારો વસ્તુઓ આવી છે. એમાં ફુસકી મિયાંને એકેય વસ્તુ ગમી નહીં, પણ મેળામાં ફરવાની ઘણી મઝા આવી.

હવે મેળો પૂરો થવા આવ્યો.

ભીડ ઓછી થવા માંડી હતી. દુકાનદારો જવા માંડ્યા હતા.

વિલાયતી સાહેબ કહે : “આપણે પણ હવે જઈશું.”



તભા ભટ તો હવે કંટાળી ગયા હતા. તેઓ તો તરત જ તૈયાર થવા માંડ્યા.”

વિલાયતી સાહેબ કહે : “છેલ્લી એક વાર આપણે જરા મેળામાં ફરી આવીએ.”

ફુસકી મિયાં કહે : “હવે શું ધૂળ ફાકવા જવું છે? શું છે હવે મેળામાં?”

વિલાયતી સાહેબ કહે : “તમે શું જાણો મિયાં? અમે ફોજી આદમી... હજારો મેળા જોઈ નાખ્યા. ભલા માણસ! છેલ્લે વેપારીઓ સસ્તામાં માલ આપી દે છે. એવું કંઈ મળી જાય તો લઈ જઈએ.”

આમ વિચારીને મેળામાં ફરવા ચાલ્યા. દુકાનદારોએ વધેલો માલ સસ્તામાં આપવા માંડ્યો હતો. બધે ભાવતાલ પૂછતા જાય છે અને ચાલતા ચાલતા જાય છે. ત્યાં એક ટોળું દેખાયું. ત્યાં જઈને ઊભા રહ્યા. ત્યાં પૂતળાં ગોઠવેલાં હતાં.”

મિયાં બોલ્યા : “વાહ ભઈ વાહ! જોવા જેવું છે. જુઓ તો સાહેબ! વાંદરો કેવો બેઠો છે?”

વિલાયતી સાહેબે કરડી આંખે ફુસકી મિયાં સામે જોયું. તભા ભટ પણ જરા મલકીને રહી ગયા.”

મિયાં બોલ્યા : “માળો મટકુંય મારતો નથી. હાથ-પગેય હલાવતો નથી. એકીટશે આપણી સામે જુએ છે ને? હનુમાનજી આવા ન હોય.”

વિલાયતી સાહેબ બોલ્યા : “અક્કલ છે?”

મિયાં બોલ્યા : “હો હો!”

વિલાયતી સાહેબ ફસ ફસ ફસ કરતા હસ્યા.

ફુસકી મિયાં બોલ્યા : “શું હસો છો?”

વિલાયતી સાહેબે પૂછ્યું : “આ વાંદરો છે કે?”



ફુસકી મિયાં બોલ્યા : “ત્યારે શું બળદિયો છે?”

વિલાયતી સાહેબ બોલ્યા : “એ તો વાંદરો જ છે, પણ તમે બળદિયા છો. જરા આંખો ફાડો. એ વાંદરો નથી પણ વાંદરાનું પૂતળું છે.”

ફુસકી મિયાં ‘હેં...?’ બોલતા ભારે નવાઈથી જોઈ રહ્યા. જરા મોઢું મલકાવીને બોલ્યા : “લો, અમેય છેતરાઈ ગયાને! માળો... ખરેખરો વાંદરો બનાવ્યો છે! મેં તો જાણ્યું કે જીવતો વાંદરો બેઠો છે!”

વાંદરાનો બનાવનાર કારીગર વચ્ચે જ ઊભો હતો. તેણે કહ્યું : “એકસો નંગ બનાવી લાવ્યો હતો. બધાં વેચાઈ ગયાં છે. ફક્ત આ એક જ વાંદરો બચ્યો છે. શોખીન હોય તે લઈ લે.”

ત્યાં મિયાં બોલ્યા : “અમે છીએ શોખીન. બોલો, વાર લગાડશો નહીં. અમને વાંદરો આપી દો.”

ત્યાં એક માણસ બોલી ઊઠ્યો : “વાહ જી! વાંદરાની કિંમત પહેલી મેં પૂછી છે માટે વાંદરો અમે લઈશું. બોલો કારીગર! આ વાંદરાની કિંમત કેટલી?”

ફુસકી મિયાં તાનમાં આવી ગયા. જરા રોફથી અને જોરથી બોલ્યા : “ના ના કારીગર! કિંમત અમે પૂછી છે. વાંદરો અમે લઈશું. હા, અમે સિપાઈબચ્ચા!”



બધા જોનારાએ તાલી પાડી. કોઈ બોલી ઊઠ્યું કે હા હા, તમે જ વાંદરો લો.

ફુસકી મિયાં બોલ્યા : “લઈશું જ. હા, પહેલો ભાવ અમે પૂછ્યો છે.”

વિલાયતી સાહેબ અને તભા ભટ ચિડાઈ ગયા. આટલા બધા માણસોની વચમાં ફુસકી મિયાં ફજેતી કરવા બેઠા.